# 'નિયાંપો'

શ્રી કચ્છી મિત્ર મંડળ

હૈદરાબાદનું મુખપત્ર

વર્ષ : ૧૬ અંક : ૧૯૧

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક

**અરવિંદ કેશવજી છેડા**

ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬

મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ-સંપાદકો

**હંસકુમાર સાયલા**

ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**

ફોન : ૬૬૪૬૮૬૧૭, ૯૨૪૬૧૮૮૬૧૭

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

hydkmm@gmail.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,

હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

ધનજી લખમશી સાવલા

કારોબારી સમિતિએ બે મહત્વના મુસદાઓને મંજૂરી આપી દીધેલ છે. પ્રથમ, બંધારણ સમિતિનાં સૂચિત સુધારાનો અહેવાલ. જેનાં પરિપત્રો દરેક સભ્યને મોકલવામાં આવેલ છે.

જેના પર પૂરતો વિચાર વિમર્શ કરી. પોતપોતાનાં અભિપ્રાય લેખીત રીતે કાર્યાલયમાં આગામી મિટિંગ પહેલાં આપી દેશો.

જેથી બંધારણ સમિતિ યોગ્યનિર્ણય લઈ શકે. બીજુ, મંડળનાં વાર્ષિક નાણકીય હિસાબ પત્રકને મંજૂર કરેલ છે.

જે વાર્ષિક સામાન્ય સભાની નોટીસ સાથે સહુને મલશે. ખુલાસા માટે કાર્યાલયમાંથી વિસ્તૃત જાણકારી મેળવી લેવી.

પરિવર્તનનો અનૂઠો દોર, ભારત તથા વિશ્વભરમાં પ્રવર્તી રહેલ છે. સમાજહિતનાં દિશાલક્ષી પરિવર્તનની જરૂરત સર્વત્ર છે. એનાં આધારે જ સમાજ વર્તમાનથી સારા ભવિષ્ય તરફ આગળ વધી શકે.

દરેક વિચારશીલ સભ્યોએ એ પ્રત્યેનાં પ્રયત્નો કરવા ઈચ્છનીય છે.

ઉનાળાના વેકેશનની રજાઓ આનંદ મોજથી ગાળવા સૌને શુભેચ્છા.

**જીવનમાં રક્ત દાન**

**મૃત્યુ પછી નેત્ર દાન**

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો જેની વેબસાઈટ નિચે મુજબ છેઃ

http://www.asanjokutch.com/kutchhi-pub.asp

# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

પૈસાની સાથે પ્રેમ, શક્તિ ની સાથે ભક્તિ અને સાધનોની સાથે સંસ્કાર નું સંતુલન બરાબર જળવાઈ રહે તો જ જીવન સાત્વિક બને છે. આજે શ્રધ્ધા નું સ્થાન શંકા એ લીધું છે, પ્રેમની સાથે શોષણનો ચહેરો જોવા મળે છે અને શાંતિનું સ્થાન સંપત્તિ એ લીધું છે. શીલ, વિનય, વિવેક, સેવા અને સદ્‌ભાવના ના મુલ્યોની ઉપેક્ષા થઈ રહી છે. માત્ર પૈસા દ્વારા માણસને તોલવામાં આવે છે. એક કલાકારે ધર્મ ગુરૂને પુછયું. સંસારની સૌથી સુંદર વસ્તુ કઈ ? ગુરૂએ જવાબ આપ્યો "**શ્રધ્ધા**" આ શ્રધ્ધા ના દર્શન તમને છેક દરેક ધર્મસ્થાનમાં થશે. ત્યારબાદ એજ કલાકારે એક નવવધુને પુછ્યું નવ વધુએ જવાબ આપ્યો **પ્રેમ**. સંસારની સૌથી સુંદરતમ વસ્તુ પ્રેમ છે. પ્રેમની પળોમાં નિર્ધન પણ પોતાને સમૃધ્ધ હોવાનો અનુભવ કરે છે. ત્યાર બાદ એજ કલાકારે એક સૈનિકને પુછયું, સૈનિકે જવાબ આપ્યો **શાંતિ**. સંસારની સૌથી વધુ સુંદર વસ્તુ શાંતિ છે. યુધ્ધ સંસારની સૌથી વધું કુરૂપ વસ્તુ છે.

બાળકોની આંખમાં પોતાના પિતા પ્રત્યે **શ્રધ્ધા** હોય, અને પત્નિ આંખોમાં પોતાના પતિ પ્રત્યે **પ્રેમ** ભાવ હોય, તો પોતાનું ઘર જ દિવ્ય **શાંતિ**નું તીર્થધામ છે.

ચમત્કારની આ દુનિયામાં વ્યક્તિ પોતાના સ્વભાવને સારો બનાવી લે છે. એજ મોટો ચમત્કાર છે. **GOOD NATURE IS HUMAN GREAT CAPITAL.**

એક વ્યક્તિ એ એક મકાન બનાવ્યું. લાખો રૂપિયા ખર્ચ્યા. ખૂબ આલીશન ! સંયુક્ત કુટુંબ હતું. મકાન બનાવ્યા પછી સાત દિવસમાં ત્યાં રહેવા જવાનું હતું. મુર્હત, તારીખ અને સમય જોઈ લીધા અને ઘરના બધાજ સભ્યો પ્રસન્ન હતા. કારણ કે સાતમા દિવસે નવા મકાન માં રહેવા જ્વાનું હતું. પરંતુ આશ્ચર્ય થયું કે કર્મ નો ઉદય થયો, કર્મની માર સમજો કે છઠ્ઠા દિવસે ભૂકંપ આવ્યો અને આખું મકાન પડી ગયું. ઘર વાળા રડ્‌વા લાગ્યા, દુઃખી થઈ ગયા, હવે શું કરવું ?

પિતાજી એ મોટા દિકરાને કહ્યું, પાંચ કિલો મિઠાઈ લઈ આવ અને અડોસ-પડોસ માં વહેંચી દે. પુત્રે વિચાર્યુ સાઠે બુધ્ધિ નાથી. મકાન પડી ગયું, પૈસા બરબાદ થઈ ગયા અને કહે છે કે મિઠાઈ લઈ આવ. પુત્રથી રહેવાયું નહી, પિતાજી મિઠાઈ શા માટે ? પિતા એ કહ્યું ખુશી માટે પુત્રે વળી પુછ્યું, ખુશી ! ખુશી શા માટે ? પિતા એ કહ્યું ખુશી એ વાતની છે કે જો મકાન સાત્તમા દિવસે રહેવા ગયા પછી મકાન પડત તો ઘરનો એકપણ સભ્ય ન બચત, કુદરત ની લીલા કેટલી ન્યારી છે ? જુઓ ઈશ્વર આપણું કેટલું ધ્યાન રાખે છે આપણે રહેવા જવાના હતા તે પહેલાંજ પડીગયું, જેથી આપણો બધાનો બચાવ થઈ ગયો. મકાન તો ફરી બનશે, આપણે મરત તો પાછા આવત ? આ છે **શ્રધ્ધા** નું રૂપ. આ છે **શ્રધ્ધા** નું ફળ.

પ્રમાણિક્તા એ જીવનનું મોટા માં મોટું સુખ છે. લોભ અને લાલચ માં આવી કયારેય બેઈમાનીનો પૈસો ભેગો ન કરશો. ગમે તેવા ક્ષણિક લાભ દેખાય તો પણ અપ્રમાણીક્તા નો આશ્રય ન લેશો.

છેલ્લા ૨૪ મહિનાથી (લગભગ બેવરસથી) અમારા સંચાલક શ્રી અરવિંદભાઈ નો શ્રેષ્ઠ માર્ગદર્શન હેઠળ હું વસંત પી. શાહ આપની સમક્ષ સંપાદકીય લેખ પ્રસ્તુત કરું છું. અમારો ધ્યેય તમામ વાંચકવર્ગને સામાજીક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ તમામ સામાન્ય જીવના વિષયો દ્વારા જાણકારી ઉપલબ્ધ કરાવાનો છે. આપ સૌ વાંચક વર્ગે જે સાથ સહકાર આપેલ છે તે અવિસ્મરણીય છે. ભવિષ્યમાં કોઈપણ કાર્યકર્તા આવે ત્યારે તેમને પણ આપ સુંદર સાથ સહકાર આપતા રહેશો તેવી અપેક્ષા છે. આ ઉપરાંત **વિવિધા** દ્વારા પણ એજ ધ્યેય થી આપની સમક્ષ લેખો પ્રસ્તુત કરેલ છે. લગભગ જુન માં ચુંટણી યોજાવાની શક્યતા છે. સંપૂર્ણ વર્ષ દરમ્યાન તમામ પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના કાર્યકર્તાઓ નો પણ ખૂબ ખૂબ આભાર.



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

એપ્રિલ માસ સાધારણ ગરમી સાથે પૂર્ણ થયો. મે-મહિનામાં ગરમીનું પ્રમાણ વધ્યું છે. વિદ્યાર્થીઓ વેકેશનની મઝા માણી રહ્યા છે. બાળકો માટે **જ્ઞાન સાથે ગમ્મત** જેવા કાર્યક્રમોની ગોઠવણી થાય, એ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

આપણે સહુ જાણીએ છીએ કે બાળકો માટે માતૃ-ભાષા શિખવી કેટલી જરૂરી છે ? ગુજરાતી ભાષા શીખવવા માટેના વર્ગો ચલાવવા મંડળમાં ચર્ચા-વિચારણાં થઈ રહી છે. વાલીઓને વિનંતી કે પોતપોતાનાં બાળકોનાં નામો મંડળનાં કાર્યાલયમાં લખાવે. ૧૫ થી ૨૦ બાળકોની હાજરી ઈચ્છનીય છે.

લગ્નો ની સીઝન શરૂ થયેલ છે. ભવનની બુકીંગ પણ સારી થયેલ છે. ભવનની સગવડો સુવિધાઓ પણ ઉપયોગ કરનારાઓને ગમે છે. પરંતુ આસપાસનાં સ્થાયી રહેવાસીઓ દ્વારા ફરિયાદો પણ આવતી રહે છે. સભ્યોને નમ્ર વિનંતિ કે બેન્ડ-બાજાનો અવાજ અને સમય-મર્યાદાને સમજી ભવનનો ઉપયોગ કરે.

બંધારણનાં ફેરફારોની કોપી દરેક સભ્યોને મોકલાવવામાં આવી છે, તેની મંજુરી લેવા અસાધારણ સામાન્ય સભા તા. ૧૫-૫-૨૦૧૧ નાં રાખવામાં આવી છે. ત્યાર બાદ ૧૯ મી જુનની મિટિંગમાં ફરી તેની સ્વીકૃતિ કરવામાં આવશે. વાર્ષિક હિસાબ ઓડીટ થઈને આવી ગયેલ છે, તે પાસ કરવા તેમજ નવી કાર્ય-કારિણી ની ચુંટણી માટે તા. ૧૯-૬-૨૦૧૧ નાં સામાન્ય સભા પણ રાખવામાં આવેલ છે. વિસ્તૃત માહિતિ સમયસર મોકલવામાં આવશે. શાંતિ પ્રાયમરી સ્કૂલની પરવાનગી ૨૦૧૯/૨૦ સુધીની મળી ગઈ છે. સંચાલક શ્રી વિપુલભાઈએ ખૂબજ પરિશ્રમ લઈને આ કાર્યને પૂર્ણ કર્યું છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન. હાઈ-સ્કુલ શુરૂ કરવા માટેનાં પ્રયત્નો કરવા રહ્યા.

રવિવાર તા. ૧-૫-૨૦૧૧ નાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી ની સભા યોજવામાં આવી હતી. આવક-જાવકનો હિસાબ યોગ્ય ફેરફારો સાથે પાસ કરવામાં આવ્યો. બીજા પણ કેટલાક કાર્યો માટે ચર્ચા-વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવાયા. આ સભામાં અલ્પાહારની વ્યવસ્થા શ્રી હંસકુમારભાઈ સાયલા તરફથી કરવામાં આવી હતી. તેમનો ખૂબ ખૂબ આભાર.

વસ્તી પત્રકનું કાર્ય શુરૂ થયેલ છે. જે સભ્યોએ ફોટા તથા ફોર્મ ના મોકલ્યા હોય, તેઓને જલ્દીથી મોકલવા ફરી નમ્ર વિનંતિ. સર્વ સમિતિ સંચાલકોને વાર્ષિક અહેવાલ સમયસર મોકલવા વિનંતિ. શુભ-પ્રસંગોએ નીચે મુજબના દાનો મંડળને પ્રાપ્ત થયા છે.

૧) રૂ. ૧૧,૦૦૦/- શ્રી વસંત મેઘજી નાગડા
૨) રૂ. ૫,૦૦૦/- શ્રી ડુંગરશી શામજી લાલકા
૩) રૂ. ૫,૧૦૦/- શ્રી હંસકુમાર રાયચંદ સાયલા
૪) રૂ. ૨,૧૦૦/- શ્રી હીરાચંદ જેતશી ધુલા
૫) રૂ. ૧,૧૦૦/- શ્રી ભરત લક્ષ્મીચંદ લોડાયા
૬) રૂ. ૧,૧૦૦/- શ્રી નિલેશ વસંતલાલ દેઢીયા

આપણાં પ્રમુખશ્રીએ તા. ૫-૫-૨૦૧૧નાં વિદેશ યાત્રા માટે પ્રયાણ કરેલ છે. એમની યાત્રા સુખદ રહે એવી શુભકામના.



Logon

FOR ALL YOUR COMPUTER WORK (જા.ખ.)

* SOFTWARE INSTALLATION * TROUBLE SHOOTING * VIRUS CLEANING ETC.
* NEW COMPUTER SALES & PURCHASE * COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.

ADVERTISING - DESIGNING - PRINTING - COLOUR PRINTS

CONTACT PARAS RAMESH JAGIRDAR 66680780, 9949981999



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

**મનોરંજન સમિતિ પ્રસ્તુત કરે છે અષાઢી બીજ નિમિત્તે કાર્યક્રમ**

## મનોરંજન મેળાવડો ૨૦૧૧

**રવિવાર તા. ૦૩-૦૭-૨૦૧૧, સ્થળ : કચ્છી ભવન જેમા હશે વિવિધ મનોરંજક હરીફાઈઓ**

**ડાન્સ રીયાલીટી શો - રેકોર્ડ ડાન્સ :** ૫ વર્ષ થી ૧૪ વર્ષ ના બાળકો આ હરીફાઈમા ભાગ લઈ શકશે. ડાન્સ કમ્પટીશન માટે **ઓડીશન રાઉન્ડ તા. ૧૨-૬-૨૦૧૧ રવિવાર** ના દીવસે સાંજના ૩.૦૦ વાગ્યા થી રહેશે. ઓડીશન માટે સમય મર્યાદા ૩ મીનટ રહશે. ભાગ લેનાર બાળકો ને પોતાનુ નામ, ગીત અને ફોન નંબર નીચે જણાવેલ નામ ઉપર તા. ૫-૬-૨૦૧૧ થી પહેલા નોંધાવવુ જરૂરી રહશે. સીલેક્ટેડ બાળકો ને નીચે જણાવેલ ડાન્સ એકેડમી માં ફાઈનલ કમ્પટીશન માટે ટ્રેનીંગ આપવામાં આવશે, ફાઈનલ રાઉન્ડ તા. ૩-૭-૨૦૧૧ ના દિવસે રહશે.

**ટ્રેનીંગ માટે ડાન્સ એકેડમી**

**૧) રંગ મંચ**, હિમાયતનગર **૨) અમરેશ**, વાયએમસીએ **૩) ડાયનમીક ડાન્સ ઝોન**, બરકતપુરા.

**ક્યા મસ્તી ક્યા ધૂમ સીઝન ૨ - અંતાક્ષરી :** હિન્દી ફીલ્મી ગીતો અને ટેલીવીઝન પર આધારીત એક મ્યુઝીકલ હરીફાઈ, જેમા ૧૨ વર્ષ થી ઉપરના કોઈ પણ સભ્ય ભાગ લઈ શકશે, ૮ કેપ્ટન ની પૈનલ પોતાની ટીમ તા. ૧૨-૬-૨૦૧૧ ના દિવસે ઓડીશન રાઉન્ડમાં થી સીલેક્ટ કરશે હરીફાઈમાં ભાગ લેવા માટે પોતાનું નામ અને ફોન નંબર નીચે જણાવેલ નામ ઉપર તા. ૧૦-૬-૨૦૧૧ સુધી નોંધાવવુ જરૂરી રહેશે. બે સેમીફાઈનલ અને ફાઈનલ તા. ૩-૭-૨૦૧૧ રવિવાર ના દિવસે રહેશે.

**ઓડીશન તા. ૧૨-૬-૨૦૧૧ રવિવાર કચ્છી ભવન સમય સાંજ ૫.૦૦ વાગ્યા થી**

સાથે રહેશે મ્યુઝીકલ ક્વીઝ, એક મીનટ હરીફાઈ, આનંદ બાજાર

વધૂ વિગત માટે **પંકજ હિરજી સાવલા - ૯૮૪૯૭ ૪૭૬૨૫, સમીર વોરા - ૯૪૪૦૪ ૧૪૧૨૨**

એન્ટ્રી માટે : **મહેન્દ્ર વોરા-૯૨૪૬૧૮૫૬૩૧, લહેરચંદ લોડાયા-૯૨૪૬૫૩૧૦૬૬, હરેશ દેઢીયા-૯૨૪૬૧ ૯૪૪૦૫**

## MANORANJAN MERAWADO - 2011

on the occassion of Kutchhi New year Manoranjan Samiti is organizing a funfilled event of Sunday, 3-7-2011 at Kutchi Bhavan, Main events of the evening are :

**Reality Dance Show (Record Dance) :** Participants between age group of 5 to 14 yr's can take part in this competition. Audition's of the participants for finals will be done on Sunday 12-6-11 at Kutchi Bhavan 3.00 pm onwards. Selected participants will be trained by below given dance academy. Participants has to register there name, song and phone No. at below given names before 5-6-11 audition round will be of 3 minutes.

Dance Academy : 1) Rangmanch - Himayatnagar 2) Amresh - YMCA 3) Dynamic Dance Zone - Barkatpura.

**Kya Masti Kya Dhoom Season -2 (Antakshari) :** A musical competition based on Hindi films, songs and Television. 8 selected captains will select their respective team member's from Audition Round. Selection round for the competition will be held on **Sunday 12-6-11 5.00 pm at Kutchi Bhavan.** All the participants are requested to register there name by 10-6-11 at below given names two semifinal and final will be on 3-7-2011.With many more entertaining events such as Musical Quiz, Ek Minute Competition, Anand Bazar. For more details : **Pankaj Savla** 98497 47625, **Samir Vora** 94404 14122

For Entries : **Mahendra Vora** 92461 85631, **Leharchand Lodaya** 92465 31066, **Haresh Dedhia** 92461 94405

## વસ્તીપત્રક સમિતિ

સંચાલક : અરવિંદ છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭

શ્રી કચ્છી મિત્ર મંડળના સમસ્ત સભ્યોના પરિવાર જનોનું સંપૂર્ણ વિવરણ સહીત નું **વસ્તી પત્રક** તેમજ ટેલીફોન ડાયરી ને વહેલી તકે પ્રસિધ્ધ કરવા માટે નું કાર્ય પૂર ઝડપે ચાલુ થયેલ છે. આપ સભ્ય પરિવારજનોએ ફોર્મ ભરીને મોકલાવેલ છે અને હજી જે પરિવારજનોના ફોર્મ આવવાના બાકી છે તે બધાને સહર્ષ જણાવવાનું કે, નવું **વસ્તી પત્રક** આપણા તમામ પરિવારજનોના ફોટા સહીત પ્રસિધ્ધ કરવાનું નક્કી થયેલ છે. આપ સૌ સભ્યોને વિનંતી છે કે જો આપે ફોર્મભરીને મોકલાવેલ હોય તો આપના પરિવાર જનોના ફોટા વહેલામાં વહેલી તકે સમાજની ઓફીસ માં જમા કરાવશોજી. જે સભ્ય પરિવાર જનોએ ફોર્મ ભરીને ન મોકલાવેલ હોય તો હવે પરિવારના દરેક સભ્યના ફોટા સહિત ફોર્મ મોકલશોજી. નીચે મૂજબ ની સૂચના નો અમલ કરવા નમ્ર વિનંતી.

૧) દરેક ફોટા માત્ર ૩.૫X૩.૫ સે.મી. ના મરૂન બેકગ્રાઉન્ડ વાળા મોકલવા તે સિવાય ની સાઈઝના ફોટા પ્રસિધ્ધ કરવામાં નહી આવે

૨) દરેક ફોટા પાછળ તે જ વ્યક્તિનું નામ લખવું જરૂરી છે.

૩) શક્ય હોય ત્યાં સુધી ફોર્મમાં જે અનુક્રમ નંબર હોય તે જ અનુક્રમ નંબર પણ ફોટા પાછળ લખવા.

૪) ફોર્મ ત્થા ફોટા સમાજની ઓફીસમાં મોડામા મોડા ૩૧–૫–૨૦૧૧ સુધી મોકલવા

૫) ઉપરોક્ત કાર્ય માટે આપ વધુ જાણકારી સમજણ મેળવવા માટે

૬) નીચે દર્શાવેલ સહ સંચાલકો નો સંપર્ક સાધી શકો છો. તેમજ રવિવાર ૨૨–૫–૧૧ અને ૨૯–૫–૧૧ ના કચ્છીભવનમાં રૂબરૂ પણ મલી શકશો.સમય સવારના ૧૦ થી ૧૨.૩૦ સુધી ૧) વસંત પ્રાગજી શાહ – ૯૨૪૬૧ ૮૮૬૧૭ ૨) પંકજ હિરજી સાવલા ૯૮૪૯૭ ૪૭૬૨૫ ૩) મનિષ મગનલાલ સાવલા – ૯૩૯૧૦ ૨૪૧૦૮ ૪) હરેશ હેમરાજ દેઢીયા – ૯૨૪૬૧ ૯૪૪૦૫





રત્નગીરી, દેવગઢના

પ્રખ્યાત

**આફૂસ આમ**

અહિંયા મળશે.

**દિલીપ મોમાયા**

**ફોન. ૯૮૪૯૯ ૨૯૬૦૦, ૯૨૪૬૧ ૦૫૫૭૫.**

**PURE ALPHANSO MANGO JUICE ALSO AVAILABLE.**

# યુવા સમિતિ

સંચાલક : કુનાલ હરીયા

The KMM Yuva Samithi, once again takes pride in reporting the Committee about the successful event conducted on 30th March 2011 at **Kutchi Bhavan.** This time the occasion was extra-ordinary and special. **Cricket World Cup 2011** was on and its fever was at its peak in India. It was one of the biggest battles of the World Cup semifinals as **India** took on their traditional rivals **Pakistan.**

The whole country was obsessed and was eagerly awaiting this great event. Keeping the event in mind, we decided to arrange the screening of this match at **Kutchi Bhavan.** It was an indoor event and we thought it would allow our people to enjoy the match in a mass gathering, usually seen in hotels and other public places during such events.

**Activities of the Event :** Since the event was planned in such a short time, all the KMM members were informed about this event through SMS service. The projector and the screen were arranged for the screening. The snacks were arranged by **AMUL** at cost to cost basis; and the members had to pay for their choice of snacks. The music band was also arranged to put more noise, excitement and fun to the event.

The screening started from the beginning of the match and we had people pouring in numbers. The crowd flowed in and out during the match as per their convenience. We almost had around 250-300 people, who took out their precious time and joined the big event.

The music band played an exceptional part in making this event electrifying. Every boundary and big runs made by the Indian batsmen, was applauded by loud music and crowd anticipated by dancing and shouting to the music. The applause became much louder and louder as the game progressed and was at its peak when Indians were bowling and taking us close to the victory. Every wicket taken by Indian bowlers, every run stopped by Indian fielders was cheered loudly.

The excitement level was just like a stadium. Everybody from youngsters to mid-age enjoyed the game. It was once again proved that **Nothing is or can be bigger than India - Pakishtan Cricket Match.** The crowd was glued till the Indian victory happened and the excitement levels was just out of the world.

Conclusion : The event was concluded successfully and the joy of watching an India-Pakistan Match with an enthusiastic crowd on a big screen cannot be compared.

Very special thanks to Piyush Vinod Nagda, Hardik Sanjay Gala and Puneet Pradeep Sanghvi in helping us largely in arrangning and coordinating the event.

We look forward to the continued support always given by our committee and the community people to make such events a success. Special thanks to Shri. Manikant Momaya, Sri Premchand Chheda, Sri Harilal Savla, Sri Laherchand Lodaya, Sri Ridesh Jagirdar & Other members for grace the occasion. Also we thank Pratik Patel for arranging cable connection. After all KMM Yuva Samiti is - By the community and for the community.

Sorry to the people as we were not able to arrange for **Finals &** who were disappointed.

We will be back with more such activities, keep watching....!!!

***Sailesh G. Shah***
98499 24416, 92906 00990

**Denal** *Digitals*

***Gulab Chand Kanji***
98490 51039

**• DIGITAL PHOTO & VIDEO • DECORATION • D.J. • BEAUTICIAN • MEHANDI**
1-5-41/D, Behind Jain Mandir, Chaitanyapuri, Maruthi Nagar, Hyderabad 500060. (A.P.)
E-mail : sailesh_rajesh@yahoo.com

(જા. ખ.)

# સંસ્થા સમાચાર

**Welcome to the world of ARHAT TOUCH - Living the Jain Way**

☞ **ARHAT TOUCH** - Arhat Touch is a new age Pathshala, to revive the interest and participation in the **Jain religious tradition** and promote a deeper and more meaningful insight into Jain Philosophy by using modern technology such as audio-visual aids, games and other teaching tools • 2 Hours Weekly Class • Age - 8-12 Yrs with a curriculam spanning 4 yrs. **HURRY UP !!! LAST DATE 30TH MAY 2011** For Further details contact : **Jineswardham** - 93910 41888, Lata Ben 98853 55284 **Filkhana -** Kanchan ben 98491 00910, **Secunderbad -** Sapna ben 98855 50644, **Chaitanyapuri -** Vandanaben 92483 73731

# સમાજ દર્પણ

### પુત્ર જન્મ

| | |
|---|---|
| અ.સૌ. હિના વિપુલ દેવચંદ ગાલા | નાના આસંબિયા |

### પુત્રી જન્મ

| | |
|---|---|
| અ.સૌ. જેની કેતન પ્રેમચંદ ગાલા | સીયાસર |
| અ.સૌ. સોનલ પિયુષ કાંતીલાલ ગોસર | હાલાપર |

### શુભ લગ્ન

| | | |
|---|---|---|
| ચિ. સંદીપ વસંત મેઘજી નાગડા | મોટીવરંડી | હૈદરાબાદ |
| ચિ. કજરી હિરાચંદ જેતશી ધુલ્લા | દલતુંગી | હૈદરાબાદ |
| ચિ. નિલેશ વસંતલાલ દામજી દેઢીયા | કોડાય | હૈદરાબાદ |
| ચિ. પ્રિયા ઉમેશ કુમાર ઠાકુર જૈન | ચિંદવાડા | |
| ચિ. અતુલ હંસકુમાર રાયચંદ સાયલા | સુથરી | હૈદરાબાદ |
| ચિ. દિપ્તી જીતેન્દ્ર કુંવરજી મૈશેરી | કુઆપધર | અલપૈ |



# હાર્દિક અભિનંદન

ચિ. નિશાંત ડી. શાહ શ્રીમતિ કિરણબેન તથા ધનેશ મોહનલાલ શાહ, હૈદરાબાદ (અંજાર)નાં સુપુત્ર Nishant (U.K.) Masters in International Business Management માં Merit ઉત્તિર્ણ થઈ પાછા આવેલ છે અને હાલ Videocon Industries માં જોડાયેલ છે.




FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# SHRI KUTCHI MITRA MANDAL

Sanchalit

## Shantaben Hirji Kanji Gosar
## Amrat - Kavita Kapadia Bhavan



# Shanti
## PRIMARY SCHOOL

**Govt. Recognised Rg. No. 8283/A5/06 Date : 13-09-2006**

H.No. 3-4-1013/5, Rajendra Nagar Colony, Lane Opp. to Kachiguda Railway Station, Barkatpura, Hyderabad 500027. Ph : 040-27566477

email : kmmshkg.shantiprimaryschool@gmail.com

# *Admissions Open*

## ACADEMIC YEAR 2011-2012

- ☞ **CENTRALLY LOCATED CO-ED ENGLISH MEDIUM.**
- ☞ **ICSE SYLLABUS**
- ☞ **NURSERY TO VTH STANDARD**
- ☞ **LIMITED STUDENTS PER CLASS**
- ☞ **INDIVIDUAL ATTENTION FOR CHILD BY TRAINED TEACHERS!**

For Admission contact School Office at above Address between 10 a.m. to 1 pm on weekdays.

| President | Secretary | Correspondent |
|---|---|---|
| **Dhanji Lakhamshi Sawla** | **Amrtilal Bhanji Nisar** | **Vipul Harilal Nisar** |

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

**ગૌશાળા માટે દાન**

રૂ. ૧૩૬૧/- લોડાયા પરિવાર સચ્ચા માતા ની સમૂહ પેહેડી નીમીત્તે.
રૂ. ૧૦૦૦/- શ્રીમતી ઉષા મનોજ સાવલા ને ૨૫ વર્ષ લગ્ન નીમીત્તે.
રૂ. ૫૦૦/- સુનંદા ધનજી મોતા
રૂ. ૫૦૦/- સ્વ. માલશી ઉમરશી હઃ નવિન માલશી મારૂ
રૂ. ૨૫૦/- શ્રીમતી દિશા કુનાલ પંકજ નંદુ ના લગ્ન દિવસ નીમીત્તે.
રૂ. ૫૦૦/- શ્રી મનહર ચુનિલાલ ગાલા

**આશ્રમ માટે દાન**

રૂ. ૧૦૦૦/- શ્રીમતી ઉષા મનોજ સાવલા ૨૫ વર્ષ લગ્ન નીમીત્તે.
રૂ. ૫૦૦/- સુનંદા ધનજી મોતા
રૂ. ૫૦૦/- સ્વ. માલશી ઉમરશી હઃ શ્રી નવિન માલશી મારૂ
રૂ. ૫૦૦/- શ્રી મનહર ચુનિલાલ ગાલા
રૂ. ૨૫૦/- શ્રીમતી દિશા કુનાલ પંકજ નંદુ ના લગ્ન દિવસ નીમીત્તે.

**હોસ્પીટલ માટે દાન**

રૂ. ૧૦૦૦/- શ્રીમતી ઉષા મનોજ સાવલા (લગ્નને ૨૫ વર્ષે પુરા થતાં નીમીત્તે).
રૂ. ૫૦૦/- સુનંદા ધનજી મોતા
રૂ. ૨૦૦/- એક સદ્ગ્રહસ્થ તરફથી

**ડાયાલીસીસ માટે દાન (એક ડાયલાસીસ ના રૂ. ૫૦૦/-)**

૨ ડાયાલીસીસ શ્રીમતી ઉષા મનોજ સાવલા ને લગ્નને ૨૫ પુરા થતાં નીમીત્તે.
૫ ડાયાલીસીસ ધ્રુવી વિનોદ નાગડા
૧ ડાયાલીસીસ સ્વ. માલશી ઉમરશી હઃ શ્રી નવિન માલશી મારૂ
૧ ડાયાલીસીસ શ્રી મનહર ચુનિલાલ ગાલા

**છાસ કેન્દ્ર માટે દાન**

રૂ. ૫૦૦૦/- ગં.સ્વ. મોઘીબેન લક્ષ્મીચંદ ગાલા
રૂ. ૫૦૦૦/- મોનીશા મોહન ગાલા
રૂ. ૫૦૦૦/- આકાશા મોહન ગાલા
રૂ. ૫૦૦૦/- અશિતા મોહન ગાલા
રૂ. ૫૦૦૦/- ક્ષ્તિીજ મીતેશ ગડા – વર્ષગાંઠ નિમીત્તે હઃ શ્રી નેમજી કક્કા
રૂ. ૫૦૦૦/- સખી મીલન
રૂ. ૨૫૦૦/- શ્રીમતી પ્રભાબેન મણિલાલ સંઘોઈ
રૂ. ૨૫૦૦/- શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા

રૂ. ૧૦૦૦/– શ્રી લક્ષ્મીચંદ ખીમજી છેડા

રૂ. ૧૦૦૦/– લક્ષ્મીચંદ આણંદજી ગાલા હઃ મંજુલાબેન ગાલા

**મૂઠીભર અનાજ યોજના :** એપ્રિલ માસમાં ચોખા ૩૦૦ કીલો અને દાળ ૪૦ કીલો પ્રાપ્ત થયા છે. જે વિવિધ આશ્રમોમાં મોકલવામાં આવ્યા છે.

**રક્તદાન :** આપણા સમાજના સભ્યની શસ્ત્રક્રિયા વખતે શ્રી ગીરીશ ચંદ્રકાંત ગાલાએ રક્તદાન કરેલ. રક્તદાતાનો ખુબજ અભિનંદન.



**અવશાન નોંધ :** સ્વ. ઝવેરચંદ નારાણજી લોડાયા, ઉ.વ. ૭૫ ગામ કોઠારા

ચક્ષુદાન–અંતિમક્રિયા–પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.

**નોંધ :** ઝવેરચંદ નારાયણજી લોડાયા પરિવાર તરફથી સગા સંબંધીયો માટે સૂચના આપેલ છે કે લોકીક વ્હેવાર ની પ્રથા બંદ રાખેલ છે તેથી સગાસંબંધીનો સારા પ્રસંગોમાં ભાગ લઈ શકે છે. તેમ ઘરે પણ ઉજવી શકે છે.


## FLAT FOR RENT

**2 Bedroom Flat with furniture &**
**Godown for rent @ Barkatpura**

*Please Contact :* **Bharat Maru - 93472 15565, 2756 5035**

(જા.ખ.)





**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ. S-1157, Aug.09)



**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

## BHAVANA TOURS & TRAVELS

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)



Vikas Bangad **''હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ''** Aditya Bangad

## USHA PHARMA

# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.

Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398

**ALL MEDICINES ON WHOLE SALE RATES**

(જા.ખ.)

# વિવિધા

## કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા

વિર–ઝનૂની કચ્છ ધરણી પર અત્યાર લગી સુખ–દુઃખના તેમજ અંધકાર પ્રકાશ ના અનેક ચક્રો ફરી વળ્યાં છે. અનેકાનેક વીરરત્નોને પોતાના વિશાળ ઉદરમાં ધારણ કરનારી એ રત્નગર્ભા વીર ધરણીએ આજ લગી કેટલાય પરિવર્તનો અને રાજ્ય–પલટા જોઈ લીધા છે. છેલ્લે છેલ્લે કચ્છની રાજ્યલગામ એકધારી હજાર વર્ષ લગી યાધવવંશી જાડેજા રાજપૂતો ના હસ્તમાં રહી.

કચ્છ ની પવિત્ર અને તપસ્વિની ભૂમી પર અનેક મહાપુરૂષો અને સંત–મહંતો વિહાર કરી ગયા છે. રામ, કૃષ્ણ, બુધ્ધ, મહાવીર અને પાંડવ બંધુઓના પુનિત પગલાંથી એ પાવન બની છે. ગોરખ–મત્સ્યેન્દ્ર ના તપથી કચ્છ ની ધરતી તપસ્વિની બની છે. મહાન સંતો મેંકણદાદા, ધોરમનાથ, રાવળપીર તેમજ શાહ બુખારી જેવા પીર ફકીરો ને પગલે પગલે પવિત્ર બની છે. જગત તારક જગડુશા દાતાર જેવા અનુપમ દાનવીર પોતાના દાનની સરીતાનો અવિરત પ્રવાહ આ અમરભૂમિ પર થી જ વહેવડાવ્યો છે. એક સમયે ઊભરાતા પશુધનથી સાચી સમૃધ્ધ બની રહેલી કચ્છની ધરતી માત્ર પશુપાળકો અને એમના પશુધનથી ભરપૂર હતી. ઘી–દૂધની તો અહી છોળો ઉડતી. કચ્છની ભૂમિ અનેક વિશિષ્ઠતા ઓથી વિશિષ્ઠ બની છે. ભારતના ચાર પૂરાણ પ્રસિધ્ધ મહા સરોવરમાંનું એક નારાયણ સરોવર અહીંજ આવેલું છે.

વિશ્વ વિખ્યાત કોટેશ્વર મહાદેવ, ભદ્રેશ્વર મહાતીર્થ, કંથકોટ, ભુજિયો ડુંગર, જખ બૌતેરા, જેસલ–તોરલ, આશા પુરા માતા, હીંગ લાજ માતા અને નામી–અનામી કેટલાય દર્શનિય સ્થળો પણ અહીંજ આવેલ છે. કચ્છ જુદા જુદા સમયે જુદાજુદા નામથી ઓળખાતો રહ્યો છે. યાદવવંશ સમયે કચ્છ ભોજકટ ના નામથી ઓળખાણું – મૌર્ય વંશ, ગ્રીક, શુંગ વંશ, શાહ વંશ, ગુપ્ત વંશ, વલ્લભી વંશ, ચાવડા, સોલંકી વિગેરે અનેક સતા ઓ કચ્છ પર પોતાની સત્તા જમાવી મૂકેલ છે. પરંતુ જામઉન્નડના વંશમાંથી લાખો અને લખિયાર આ બન્ને ભાઈઓ સિંધમાંથી ઉતરીને કચ્છ આવ્યા અને કચ્છ પર જાડેજા સત્તાનું બિજ રોપ્યું અને આબિજમાંથી જાડેજા વંશનો એક વિશાળ વૃક્ષનો ઉદ્‌ભવ થયો અને સમસ્ત કચ્છમાં તેના મૂળ ફરી વળ્યાં.

સંકલન : **વસંત પી. શાહ**

**TUTIONS FOR STUDENTS FROM 1ST TO 8TH CLASS**
**LEARN ABACUS & HANDWRITNG FOR GOOD FUTURE**
**Contact : Toral Ridesh Jagirdar Ph : 99592 55557**
**Flat # 204, R.K. Complex, Above Bank of India, Kachiguda Station Road, Hyderabad 500 027.**

SINCE 1998

Satkar Caterers
Taste U'll Love to Eat
Pure Vegetarian Catering

*Om Padmavathi Namah*
Rakesh Virchand Nagda
93466 87608, 92909 52406
Manish Virchand Nagda
96180 13690, 92472 55011
(શ્રી.ખ.)

**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**



## દાદા ભગવાનનાં અસીમ જય જયકાર હો

# ભગવાનનો કાયદો શું ?



ભગવાનનો કાયદો તો શું કહે છે કે જે ક્ષેત્રે, જે કાળે, જે ભોગવે છે, તે પોતે જ ગુનેગાર છે. આ કોઈનું ગજવું કપાય તો એ કાપનારની આનંદની પરિણતિ હોય, એ તો હોટલમાં ચા-પાણી ને નાસ્તો કરતો હોય ને એ કાળે પેલો કે જેનું ગજવું કપાયું તે ભોગવતો હોય. માટે ભોગવનારની ભૂલ. એણે ક્યારેક પણ ચોરી કરી હશે, તો આજે પકડાયો માટે તે ચોર ને પેલો તો જ્યારે પકડાશે ત્યારે ચોર કહેવાશે.

જગત આખું સામાની ભૂલ જુએ છે. ભોગવે છે પોતે પણ ભૂલ સામાની જુએ છે. તે ઊલટાં ગુના ડબલ થતાં જાય છે અને વ્યવહાર ગૂંચવાડો પણ વધતો જાય છે. આ વાત સમજી ગયાં એટલે ગૂંચવાડો ઓછો થતો જાય.

આ જગતનો નિયમ એવો છે કે આંખે દેખે, એને ભૂલ કહે છે અને કુદરતનો નિયમ એવો છે કે કોણ ભોગવે છે, એની ભૂલ છે.

કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના આપીએ, કોક દુઃખ આપે તે આપણે જમે કરી લઈએ તો આપણા ચોપડા ચોખ્ખા થઈ જાય. કોઈને આપીએ નહીં, નવો વેપાર શરૂ કરીએ નહીં અને જૂનો હોય તે માંડવાળ કરી દઈએ એટલે ચૂકતે થઈ જાય.

છૂટવું હોય તો જે જે કંઈ કડવું-મીઠું આવે (ગાળો, અપમાન વગેરે) તે જમે કરી લેજો. હિસાબ ચૂકતે થઈ જશે. આ જગતમાં હિસાબ વગર તો આંખેય ભેગી ના મળે, તો બીજું બધું હિસાબ વગર તે થતું હશે ? તમે જેટલું જેટલું જેને જેને આપ્યું હશે, તેટલું તેટલું તમને તે પાછું આપશે ત્યારે તમે ખુશ થઈને જમે કરી લેજો કે હાશ ! હવે ચોપડો પૂરો થશે. નહીં તો ભૂલ કરશો તો પાછું ભોગવવું જ પડશે.

દાદાશ્રી : જગતમાં કોઈનો દોષ નથી, દોષ કાઢનારાનો દોષ છે. જગતમાં દોષિત કોઈ છે જ નહીં. સહુ સહુના કર્મના ઉદયથી છે. બધા ભોગવી રહ્યા છે, તે કોઈ આજે ગુનો કરતા નથી. ગયા અવતારના કર્મના ફળરૂપે આ બધું થાય છે. આજ તો એને પસ્તાવો થતો હોય પણ પેલો કોન્ટ્રેક્ટ થઈ ગયો હોયને, એટલે શું થાય ? થયે જ છૂટકો છે.

દરરોજ નિહાળો **દુરદર્શન – ડી.ડી. ગિરનાર** ટી.વી. ચેનલ પર
દરરોજ સવારે : ૭ થી ૭.૩૦, બપોરે ૩.૩૦ થી ૪, રાત્રે ૯ થી ૯.૩૦
**આસ્થા ચેનલ** : પર દરરોજ રાત્રે ૧૦.૨૦ થી ૧૦.૫૦ (હિન્દી માં)

# MARVEL
## BEAUTY PARLOUR
9247304982

We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.

**We conduct classes for MEHANDI & BEAUTY COURSE**

- Non Surgical Face Lifting
- Under Eye Dark Circle Treatment
- Skin Polishing Treatment
- Anti Dandruff Treatment
  - Radiance Glow Lighting Facial
  - Temporary & Permanent & Hair Straightening

SPECIAL OFFER FOR YOU

"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching, Herbal Facial, Waxing, & Eyebrow
Rs.500/- : Bleaching Fruit Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow.

SPECIAL OFFER FOR BRIDAL PACKAGE

Contact in Person : **PRAGNA H.SHAH**
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.



# R.S. BANDHANI HOUSE
## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

DiVA
...exclusive Designer Wear

Kunjal Shah -7799556780
# 4-2-578, Left Lane of NILGIRI MITHAI,
Police Station Lane,
Badichowdi, Hyderabad.

NEW SUMMER COLLECTION

Execlusive Designer Kurtis
Pastel Shades Kurtis
Designer Silk Kurtis
Kitty Party Kurtis
Smart Style Kurtis
Indo - western Kurtis
College Wear Kurtis

Execlusive Designer T - Shirts
Casual T - Shirts
Shrug Tops
Dhoti Leggings
Afgani Leggings
Printed Leggings
Original Denim Leggings

(જા.ખ.)

100% Guarantee for not getting bubblings on leggings

Wish you Happy Gudi Padva

For all your water proofing problems Contact :

NAMAN CONSTRUCTION SOLUTIONS

*Specialist in :*
*Treatment of seepage of Terrace, Side walls,*
*Bathrooms & Toilets etc.*

***Please get your job done before the arrival of Monsoon***

**Note : We also undertake colouring of flats, Offices & Buildings**

Contact :
**VARDHAMAN DEVJI LODAYA**
B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Funtion Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.) Mobile : 98853 41835

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા, કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર.

ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫, ૯૨૪૬૫૩૨૫૪૫

## ઊજવો તમારો પ્રસંગ તીર્થ ક્ષેત્રે

દર મહીના ના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- માત્ર.

મીટીંગ, મેળાવો, જન્મદિવસ કે લગ્ન દિવસની ઊજવણી કરવી હોય તો શ્રી સંઘ સાથે શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં જોડાઈ ધર્મ આરાધના થી તમારા પ્રસંગને યાદગાર બનાવો. તમોને જોઈતી વ્યવસ્થા શ્રી સંઘ કરી આપશે.

આવા સુંદર લાહવાનો લાભ જરૂરથી લેશો તથા પ્રસંગની ઊજવણી ધાર્મીક આરાધના થી કરી પુણ્યઉપાર્જનનો ભાતો બાંધશો. મારા સો કરોડ સમ્પતીને ફાળવણી (મંદિર, હોસ્પીટલ, સ્કુલ-કોલેજ કે રહેઠાણુ) નિબંધ સ્પર્ધા મં ભાગ લેવાની દેલ્લી તા. ૩૧ મે ૨૦૧૧ નજદીક આવી રહે છે. સમયનો વેડફ્યા વગર તમારા નિબંધો વહેલી તકે મોકલાવશો.

સંઘ પૂજન, ગો સેવા, ગરીબ ભોજન (અનુકંપા દાન) નવકારશી, બપોરનો સ્વામીવાત્સલ્ય સાંજનો ચૌવિહાર યાત્રીક ભાતા યોજના એવા એક ને અનેક શ્રી સંઘ તરફથી આયીજીત યોજનાઓ નો લાભ લેવાની તક ગુમાવશો નહીં.

શ્રી સંઘને નીચે મુજબ અનુદાનો પ્રાપ્ત થયા છેઃ

| | |
|---|---|
| શ્રી હિતેશભાઈ ફુરીયા ગરીબ ભોજન માટે | રૂ. ૮૦૦/- |
| માતુશ્રી હંસાબેન ચીનુભાઈ શાહ યાત્રીક યોજના | રૂ. ૧૫૦૦/- |
| માસ્ટર ફેનીલ તથા હેનલ ભાવેશ મારૂ યાત્રીક યોજના | રૂ. ૧૫૦૦/- |
| શ્રી સુધીરભાઈ પોપટલાલ ધરોડ યાત્રીક યોજના | રૂ. ૧૫૦૦/- |

દાતા ઓના દાન થી બીજા ભાવિકોને સત્ કાર્ય ની પ્રેરણા થાય તો એમનો દાન લેખે લાગશે.

*કાયમી સંઘપતી તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા, ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર ના જયજિનેન્દ્ર**

(ગ્રા.મ. F-2190)

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪　　લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!　　ફોન : ૨૪૭૫૫૩૩૧, ૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com  Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા કલાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત - અકસીર-અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

### આરોગ્યામૃતમ્
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

### સૌંદર્યામૃતમ્
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

### ઉદરામૃતમ્
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

### દંતામૃતમ્
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

### કેશામૃતમ્
સુંદર-લાંબા, દઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

### અમૃત તૈલમ્
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

### ચ્યવન પ્રાશાવલેહ
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

### મનસામૃતમ્
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

### શ્વાસનામૃતમ્
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.

સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦

દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.　(જા.ખ. F-1160)